# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**તારીખ : 21-03-2024** **બપોરે : 1.20થી 1.30**

**વાર : ગુરુવાર**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો.
- ✓ ચૂંટણી પંચે ગુજરાત, પંજાબ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં જિલ્લા અધિકારીઓ અને પોલીસ અધિક્ષક તરીકે નિયુક્ત નોન-કેડર અધિકારીઓની બદલીનો આદેશ આપ્યો.
- ✓ સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા આજે ઈલેક્ટોરલ બોન્ડની યુનિક ID અને સીરીયલ નંબર જાહેર કરશે.
- ✓ ભારતીય રેલ્વે હોળીના તહેવારો દરમિયાન 540 વિશેષ ટ્રેન ચલાવશે.
- ✓ સંયુક્ત રાષ્ટ્રની એક એજન્સીએ વિશ્વભરમાં ઈલેક્ટ્રોનિક કચરો વધી રહ્યો હોવાની ચેતવણી આપી.
- ✓ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને ઇલેક્ટ્રિક કારનું ઉત્પાદન વધારવા માટે વાહન ઉત્સર્જન પર કડક કાયદા લાવવાની જાહેરાત કરી છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *NEW-LS-POLL-NOTIFICATION*

ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ગઇકાલે જાહેરનામું બહાર પાડતા ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.

આ તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની 102 લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે.

પ્રથમ તબક્કામાં તામિલનાડુની 39, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની 5-5 બેઠકો માટે ચૂંટણી યોજાશે જ્યારે બિહારની 4, પશ્ચિમ બંગાળની 3, અરુણાચલ પ્રદેશની 2, મણિપુર, મેઘાલય સહિત કુલ 12 રાજ્યોમાં ચૂંટણી યોજાશે.

આ મહિનાની 27 તારીખ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. 28મી માર્ચે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારો તેમના નામ પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30 માર્ચ રહેશે. 19મી એપ્રિલે મતદાન યોજાશે.

બિહારમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 28 માર્ચ છે. અહીં 30 માર્ચે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. ઉમેદવારો 2જી એપ્રિલ સુધી તેમના નામ પાછા ખેંચી શકશે. બિહારમાં 19 એપ્રિલે મતદાન થશે.

આ ઉપરાંત સિક્કીમ અને અરૂણાચલ પ્રદેશની વિધાનસભામાં ચૂંટણી માટે પણ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. આ બંને રાજ્યમાં 19 એપ્રિલે મતદાન થશે. 2જી જૂને મતગણતરી હાથ ધરાશે.

## *EC- DM & SP TRANSFER*

ચૂંટણી પંચે ગુજરાત, પંજાબ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં જિલ્લા અધિકારીઓ અને પોલીસ અધિક્ષક તરીકે નિયુક્ત નોન-કેડર અધિકારીઓની બદલીનો આદેશ આપ્યોં છે.  મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારની અધ્યક્ષતામાં

ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ સાથે પંચની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉપરાંત, ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથેના પારિવારિક સંબંધોને ધ્યાનમાં રાખીને, કમિશને ભટિંડા, પંજાબના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અને આસામના સોનીતપુરના પોલીસ અધિક્ષકની બદલી અંગે પણ સૂચના આપી છે. આ બંને રાજ્યોમાં વહીવટીતંત્રમાં  કોઈપણ પ્રકારના પક્ષપાતી વર્તનની શક્યતાને ધ્યાનમાં રાખીને આ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. પંચે સંબંધિત રાજ્ય સરકારોને તાત્કાલિક અસરથી જિલ્લા અધિકારીઓ અને એસપી તરીકે નિમણૂક કરાયેલા નોન-કેડર અધિકારીઓની બદલી કરવાનો નિર્દેશ આપ્યો છે.

# *TELANGANA-CHANGING SCENARIO*

તેલંગાણામાં, વિવિધ રાજકીય પક્ષોના મુખ્ય સભ્યો લોકસભાની ચૂંટણીઓ પહેલા તેમનો  પક્ષ બદલી રહ્યા છે. ભારત રાષ્ટ્ર સમિતિના કેટલાય વર્તમાન સાંસદોએ તેમનો પક્ષ છોડી દીધો છે. બીજી તરફ પક્ષ બદલનાર આગેવાનો અન્ય પક્ષોમાં ટિકિટ મેળવી રહ્યા  છે.

17 લોકસભા મતવિસ્તારોમાંથી 15 બેઠક માટે ઉમેદવારોની જાહેરાત બાદ તેલંગાણામાં ચૂંટણી તૈયારીઓમાં ભાજપ અન્ય પક્ષો કરતા આગળ છે. કોંગ્રેસે નક્કર ઓળખપત્ર સાથે ઉમેદવારોની પસંદગી કરતી વખતે માત્ર થોડા જ નામો જાહેર કર્યા હતા.

જો કે પાર્ટીએ હજુ બહુમતી બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી નથી, પરંતુ BRS પાર્ટીના કેટલાક ભૂતપૂર્વ સભ્યોને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. પક્ષના વડા કે ચંદ્રશેખર રાવ અને કાર્યકારી પ્રમુખ કે તારાકરમા રાવ સભ્યોમાં વિશ્વાસ જગાડવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે અને સંસદીય મતવિસ્તારના સ્તરે બેઠકો યોજી રહ્યા છે.

નોંધનીય છે કે 2019ની સામાન્ય ચૂંટણી દરમિયાન BRSએ 17 લોકસભા બેઠકોમાંથી 9 બેઠકો જીતી હતી જ્યારે ભાજપે 4, કોંગ્રેસ 3 અને MIM એ એક બેઠક જીતી હતી.

## *SUPRIME COURT - SBI*

સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા  આજે ઈલેક્ટોરલ બોન્ડની યુનિક ID અને સીરીયલ નંબર જાહેર કરશે. સર્વોચ્ચ અદાલતે  છેલ્લી સુનાવણીમાં SBIને 21 માર્ચ સુધીમાં બોન્ડના યુનિક નંબર સહિતની દરેક માહિતી પ્રદાન કરવાનો નિર્દેશ કર્યો હતો. યુનિક નંબરનો ખુલાસો થયા બાદ ચૂંટણી બોન્ડ આપનાર અને તેણે મેળવનાર રાજકીય પક્ષ વચ્ચેના સંબંધનો ખુલાસો થશે.

## *SC - ACCESSIBILITY HELP DESK*

મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે આજે સર્વોચ્ચ અદાલતના પરિસરમાં એક્સેસિબિલિટી હેલ્પ ડેસ્કનું ઉદ્ઘાટન કર્યું.

પત્રકારો સાથે વાત કરતા, તેમણે ન્યાયાધીશ રવિન્દ્ર ભટ્ટની અધ્યક્ષતાવાળી સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલ સંદર્ભે આ હેલ્પ ડેસ્કનું ઉદઘાટન કરાયું હોવાનું જણાવ્યું હતું. સમિતિએ અલગ-અલગ રીતે વિકલાંગ જ નહીં પરંતુ વરિષ્ઠ નાગરિકો, સગર્ભા સ્ત્રીઓ અને એવા તમામ લોકો જેમને વિશેષ સહાયની જરૂર હોય તેમના માટે સર્વોચ્ચ અદાલતને સુલભ બનાવવા માટે વિવિધ સૂચનો કર્યા હતા.

## *RBI*

રિઝર્વ બેંકે તમામ બેંકોને 31મી માર્ચ, રવિવારે સરકારી વ્યવસાય સાથે વ્યવહાર કરતી તેમની તમામ શાખાઓ ખુલ્લી રાખવાની સલાહ આપી.

જેથી વર્તમાન નાણાકીય વર્ષમાં જ રસીદો અને ચૂકવણીઓ સંબંધિત તમામ સરકારી વ્યવહારોનો હિસાબ મળી શકે. આરબીઆઈએ વધુમાં બેંકોને આ દિવસે બેંકિંગ સેવાઓની ઉપલબ્ધતા વિશે યોગ્ય પ્રચાર કરવા પણ જણાવ્યું છે.

## *RAILWAY---HOLI-SPECIAL*

ભારતીય રેલ્વે હોળીના તહેવારો દરમિયાન 540 વિશેષ ટ્રેન ચલાવશે. રેલ્વે મંત્રાલયે કહ્યું કે, દિલ્હી-પટના, દિલ્હી-ભાગલપુર, દિલ્હી-મુઝફ્ફરપુર, દિલ્હી-સહરસા, ગોરખપુર-મુંબઈ, કોલકાતા-પુરી, ગુવાહાટી-રાંચી અને નવી દિલ્હી- શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા જેવા સ્થળો માટે ખાસ ટ્રેન ચલાવાશે.

મંત્રાલયે કહ્યું કે, મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મુખ્ય સ્ટેશનો પર વધારાના રેલવે પ્રોટેક્શન ફોર્સ તેમજ આરપીએફના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.

## *LADAKH-CARBON-NEUTRAL-UT*

કેન્દ્રશાસિત પ્રદેશ લદ્ઘાખમાં કાર્બન તટસ્થતા માટે પરિવહન ક્ષેત્રે રસ્તાઓ પર શૂન્ય કાર્બન ઉત્સર્જન વાહનોને પ્રોત્સાહન આપવા કેટલીક પહેલ કરવામાં આવી રહી છે.

દેશભરમાં આવી પહેલ કરવા માટે નેશનલ થર્મલ પાવર કોર્પોરેશનના સહયોગથી નાગરિકો માટે હાઇડ્રોજન સેલ ફ્યુઅલ બસ શરૂ કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ટ્રાન્સપોર્ટ કમિશનર અમિત શર્માના જણાવ્યા અનુસાર નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન અને પરિવહન વિભાગ વચ્ચે ટૂંક સમયમાં એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. લદાખમાં થ્રી અને ફોર વ્હીલર ઇલેક્ટ્રિક વાહનોના સફળ પ્રયાસ પછી લોકો ઇલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવા માટે પ્રેરિત થશે.

## *IMD-WEATHER*

ભારતીય હવામાન વિભાગે હજુ બે દિવસ સુધી ઉત્તરપૂર્વ ભારત, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વાવાઝોડાની ગતિવિધિ સાથે વરસાદની આગાહી કરી છે. આજે પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડમાં છૂટાછવાયા વાવાઝોડા, છૂટાછવાયાથી મધ્યમ વરસાદની આગાહી પણ કરી છે. હવામાન વિભાગે કહ્યું કે, પછીથી વરસાદની ગતિવિધિમાં ધીમે ધીમે ઘટાડો થશે.

પ્રાદેશિક હવામાન કેન્દ્ર અનુસાર, આજે દિલ્હીમાં આકાશ આંશિક વાદળછાયું રહેશે. આજનું મહત્તમ તાપમાન 32 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 15 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

## *NEET PG*

નેશનલ એલિજિબિલિટી એન્ટ્રન્સ ટેસ્ટ- NEET PG પરીક્ષા હવે 23 જૂને લેવામાં આવશે, અગાઉ તે 7 જુલાઈએ યોજાવાની હતી.

નેશનલ મેડિકલ કમિશને એક નોટિફિકેશનમાં જણાવ્યું છે કે પરીક્ષા આપવા માટે ઇન્ટર્નશિપ પૂર્ણ કરવાની કટ-ઓફ તારીખ અગાઉ 15 ઓગસ્ટ તરીકે નક્કી કરવામાં આવી હતી તે જ રહેશે. 15મી જુલાઈએ પરિણામ જાહેર થશે. 16 સપ્ટેમ્બરથી શૈક્ષણિક સત્ર શરૂ થશે. દરમિયાન, નેશનલ ટેસ્ટિંગ એજન્સી - NTA એ કહ્યું છે કે, લોકસભા ચૂંટણીને કારણે 24 મેના રોજ નક્કી કરવામાં આવેલી NETS પરીક્ષા હવે 11 મેના રોજ લેવામાં આવશે.

## *GLOBAL-E-WASTE*

સંયુક્ત રાષ્ટ્રની એક એજન્સીએ વિશ્વમાં ઈલેક્ટ્રોનિક કચરો વધી રહ્યો હોવાની ચેતવણી આપી છે. એજન્સીના જણાવ્યા પ્રમાણે, આ કચરામાં પ્લગ અથવા બેટરી, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક રમકડાં, ટીવી સેટ, માઈક્રોવેવ ઓવન, ઈ-સિગારેટ, લેપટોપ કોમ્પ્યુટર અને સોલાર પેનલનો સમાવેશ થાય છે. તેનો રિસાયક્લિંગ રેટ ઓછો છે અને તેમાં વધુ ઘટાડો થવાની પણ શક્યતા છે.

યુએન હેઠળની સંસ્થા યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન અને રિસર્ચ આર્મએ ગઇકાલે એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે 2022ના વર્ષમાં લગભગ 620 મિલિયન ટન ઇ-વેસ્ટ એકઠો થયો હતો. જે 2030 સુધીમાં 82 કરોડ ટન એકઠો થવાની સંભાવના છે. ઉલ્લેખનીય છે કે, તમામ ઈ-વેસ્ટનો અડધો ભાગ એશિયામાંથી આવે છે.

## *US-E VEHICLES*

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને ઇલેક્ટ્રિક કારનું ઉત્પાદન વધારવા માટે વાહન ઉત્સર્જન પર કડક કાયદા લાવવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું હતું કે અમેરિકા કાર અને ટ્રક માટે પ્રદૂષણના નવા ધોરણો નક્કી કરી રહ્યું છે અને અમેરિકાના કામદારો કાર અને ટ્રક બનાવવામાં વિશ્વનું નેતૃત્વ કરશે.

એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન એજન્સી- EPA અનુસાર, નવો કાયદો આગામી ત્રીસ વર્ષમાં સાત અબજ ટન કાર્બન ડાયોક્સાઇડના ઉત્સર્જનને અટકાવશે. ગયા વર્ષે, નવી કારના વેચાણમાં ઇલેક્ટ્રિક વાહનોનો હિસ્સો માત્ર 7.6% હતો. EPA મુજબ, 2032 સુધીમાં, કારના વેચાણના 56 ટકામાંથી 35 ટકા હિસ્સો ઇલેક્ટ્રિક વાહનોનો હશે. પર્યાવરણીય જૂથોએ આ પગલાંને આવકાર્યું છે જ્યારે કેટલાક કાર્યકરોએ તેની ટીકા કરી છે.